| GJSN020024732025 | | દાખલ તારીખ | ૦૯/૦૫/૨૦૨૫ | | |
|---|---|---|---|---|---|
| | सत्यमेव जयते | રજુ તારીખ | ૦૯/૦૫/૨૦૨૫ | | |
| | | ફેસલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૯ | ૨૫ |

---

**સુરેન્દ્રનગરનાં મહે. એડી.સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સુરેન્દ્રનગર.**

---

**રેગ્યુ. દિવાની કેસ નંબર : ૭૧/૨૦૨૫**

**આંક :**

**વાદી :–** સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા (૬૦૧૦૧),
ધંધો–બેંકિગ તેમજ નાંણા ધીરધાર,
વાદીપરા શાખા, વતી મેનેજર,
શ્રી મુકેશ બેનીવાલ,
રહે.સુરેન્દ્રનગર, જી.સુરેન્દ્રનગર.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:–** ધર્મેન્દ્રભાઇ ઠાકરભાઇ ખાંદલા, ઉ.વ.આ.–૪૫,
રહે.મોચી બજાર, ખારવાની પોળ,
વઢવાણ, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

---

**દાવો :– રૂ.૬૬,૭૮૮/– પૈસા વસુલ મેળવવા માટે.**

---

| | | |
|---|---|---|
| **વાદી તરફે** | :: | **વિ.વ.શ્રી ડી.એમ.જોષી** |
| **પ્રતિવાદી તરફે** | :: | **એક તરફી** |

---

**-//જજમેન્ટ//-**

(૧) વાદીના દાવાની હકિકત એવી છે કે, વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ સને-૧૯૫૫ હેઠળ રચાયેલ બેંક છે. વાદી બેંકની ભારતમાં જુદા જુદા શહેરોમાં શાખાઓ આવેલ છે અને તે પૈકી વાદી બેંકની એક શાખા ભારત દેશના ગુજરાત રાજયમાં સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના ગામ સુરેન્દ્રનગર મુકામે આવેલ છે. વાદી બેંકનો મુખ્ય ધંધો નાણાં ધીરધાર અને બેંકીગને લગતો છે તેની હેડ ઓફીસ મુંબઈ મુકામે, રીઝીયોનલ ઓફીસ સુરેન્દ્રનગર મુકામે આવેલ છે. આ કામના પ્રતિવાદી વાદી બેંકના ગ્રાહક છે અને વાદી બેંકમાં તેમનો સેવીંગ એકાઉન્ટ નં.૩૩૧૩૭૬૬૯૫૬૩ છે. પ્રતિવાદીનો મોબાઈલ નં.૮૪૬૦૮૬૨૬૬૫ તેમના ખાતા સાથે રજીસ્ટર્ડ થયેલ છે. પ્રતિવાદીએ તેમના મોબાઈલ નંબર મારફતે તેમના મોબાઈલ ફોનમાં એસ.બી.આઈ. યોનો એપ્લીકેશન ડાઉનલોડ કરીને ઈન્ટરનેટ બેન્કીંગની ધોરણસરની સવલત મેળવેલ છે. પ્રતિવાદીએ આ ડીઝીટલ પ્લેટફોર્મ પરથી જનરેટ થયેલ પાસવર્ડનો ઉપયોગ કરીને તા.૧૫/૦૪/૨૩ નાં રોજ ૧૨/૧૪/૫૫ કલાકે ઓનલાઈન લોગ ઈન થઈને એસ.બી.આઈ. યોનો એપ્લિકેશન મારફતે પ્રિ-એપ્રુવ્ડ પર્સનલ લોન જનરેટ કરીને રકમ રૂ.૫૯,૦૦૦/- (અંકે રૂપિયા ઓગણસાઈઠ હજાર પુરા)ની લોન ૧૪ % વ્યાજ દરે ઓનલાઈન પ્રોસેસ કરીને મેળવેલ છે. પ્રતિવાદીએ લીધેલ લોન તેઓએ રકમ રૂ.૨૦૧૭/- ના માસિક એવા કુલ-૩૬ હપ્તેથી વાદી બેંકને પરત ચુકવવાની હતી. પ્રતિવાદીની સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશનથી ઓનલાઈન મંજુર થયેલ લોનનો સી.આઈ.એફ. નં.૮૬૮૧૬૬૮૬૨૯૮ તેમજ તેઓનો લોન એકાઉન્ટ નં.૪૧૮૩૬૭૮૪૫૬૮ છે. બેંક તરફથી લોનીનું લોન ખાતુ કોમ્પ્યુટર એકાઉન્ટમાં નિભાવવામાં આવે છે. લોનીએ લીધેલ લોનની મંજુર થયેલ રકમ તેઓના ખાતામાં જમા થયેલ છે તેમજ તેઓએ તે રકમનો ઉપયોગ કરેલ છે. લોનીએ સમય મર્યાદામાં બેંકની બાકી રકમ ચુકવી આપેલ ન હોવાથી લોની ડીફોલ્ટર થયેલ છે અને તેઓનું લોન ખાતુ

તા.૧૪/૧૨/૨૩ નાં રોજ એન.પી.એ. થયેલ છે. જેથી બેંકના નિયમો અનુસાર લોનીએ ઉપાડ કરેલ ધીરાણની રકમ પર નિયમ મુજબના વ્યાજની ચુકવણી નહી કરેલ હોવાથી વ્યાજની રકમ રૂા.૧૮૭૯/- પૈસા તથા દંડનીય વ્યાજની રકમ રૂા.૧૭૨/-પૈસા લોનીના લોન ખાતામાં જમા આપવામાં આવેલ છે જે રકમ ખરેખર લોનીએ ચુકવેલ નહી હોવાથી આ રકમ તેમજ ત્યારબાદની લીગલ નોટીસ તથા પ્રોસેસ ફી વિગેરેની રકમ પણ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવાની બાકી રહે છે. લોની પાસેથી બાકી રકમની વસુલાત માટે બેંકના વકીલશ્રી મારફતે તા.૧૬/૦૩/૨૫ નાં રોજ રજી.એ.ડી. લીગલ નોટીસ આપી જાણ કરેલ છે. આમ છતાં લોનીએ બેન્કની બાકી લેણી રકમ વસુલ આપેલ નથી. આમ વાદી બેન્કની તા.૧૬/૦૪/૨૫ સુધીની મુદ્દલ રકમ રૂા.૫૨,૧૧૧/- તથા તે રકમ પરનું વ્યાજ, દંડનીય વ્યાજ, અન્ય ચાર્જની રકમ રૂા.૧૪,૬૭૭/- મળીને કુલ રકમ રૂા.૬૬,૭૮૮/- પૈસા આ કામના લોની પાસે બાકી લેણી છે. તેમજ તા.૧૭/૦૪/૨૫ થી ચડત વ્યાજની રકમ પણ બાકી રહે છે. બેન્ક લોની પાસેથી કરાર અને કાયદા મુજબ ચડત ચક્રવૃધ્ધિ વ્યાજ તથા દંડનીય વ્યાજ લેવા હકકદાર થયેલ છે. વાદીનું લોની પાસે કાયદેસરનું લેણુ છે, તેમની પાસેના બાકી નાંણા તે જાહેર નાંણા છે/પબ્લીક મની છે, લોની લોનની વ્યાજ સહીતની રકમ સમય મર્યાદામાં પરત ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ છે. લોનીએ ધીરાણ લેતા સમયે કરી આપેલ કરાર અને કાયદા મુજબ તેમજ લોની ડીફોલ્ટર થયેલ હોવાના કારણે વાદી બેંક લોની પાસેથી લોનની રકમ ઉપર ૧૪% વ્યાજ તથા બેંકના નિયમ મુજબનું ૨% દંડનીય વ્યાજ, અન્ય ચાર્જ વસુલ મેળવવા માટે હકકદાર છે તેમજ લોની વસુલ આપવા માટે જવાબદાર છે.

વાદી બેન્કની આ કામના પ્રતિવાદી પાસે પ્રિ-એપ્રુવ્ડ પર્સનલ લોનની તા.૨૮/૦૪/૨૫ સુધીની મુદ્દલ તથા વ્યાજ સહીતની બાકી લેણી રહેતી કુલ રકમ **રૂા.૬૬,૭૮૮/-** પૈસા તથા ત્યારબાદની વાર્ષિક સેંકડે **૧૬%** કન્ટીન્યુ ચડત વ્યાજ સહીતની તમામ રકમ વસુલ થતા

સુધી, આ કામના પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા જંગમ, સ્થાવર મિલ્કતોથી વસુલ કરી શકાય તેવુ હુકમનામુ વાદી બેન્કના લાભમાં પ્રતિવાદી વિરુધ્ધ કરી આપવા તથા વાદીને થયેલ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા તથા ન્યાય અને ઈકવીટીના ધોરણે અન્ય જે કાંઈ દાદ મળી શકતી હોય તે અપાવવા અરજ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામના પ્રતિવાદીનાઓને સમન્સ કરતા તેઓને ધારા ધોરણસર બજી ગયેલ, તેમ છતા પ્રતિવાદીએ જાતે કે તેમના કુલમુખ્યાર મારફત કે તેઓના વકિલશ્રી મારફત હાજર થયેલ ન હોય તથા દાવાના કામે કોઈ જવાબ કે બચાવ રજુ કરેલ ન હોય પ્રતિવાદીના જવાબનો હક્ક બંધ કરી દાવો એકતરફી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ, જે પ્રતિવાદીએ આજદિન સુધી સદર હક ખોલાવવા માટે કોઈ અરજી કરવામાં આવેલ નથી કે સદર હુકમને આજદિન સુધી નામદાર એપેલેટ કોર્ટમાં પડકારેલ હોય તેવી કોઈપણ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

(૩) વાદીએ પોતાના દાવાના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| સાહેદ | આંક | મૌખિક પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | વાદી તરફે સાહેદનું પુરાવાનું સોગંદનામુ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | પર્સનલ લોન ટર્મ્સ અને કન્ડીશન |
| ૨ | ૧૨ | વકિલશ્રીએ આપેલ રજી. એડી. નોટીસ |
| ૩ | ૧૩ | એકનોલેજમેન્ટ |
| ૪ | ૧૪ | લોન ખાતુ, કલોઝર ઈન્કવાયરી, સર્ટીફીકેટ |

ત્યારબાદ વાદી વધુ પુરાવો રજુ કરવા માંગતા ત હોય **આંક–૧૫** થી કલોજીંગ પુરશીશ રજુ કરેલ છે.

(૪) ત્યારબાદ આ કામે વાદીપક્ષે વિ.વ.શ્રી.ની દલીલ સાંભળવામા આવેલ છે.

(૫) આ કામે **આંક–૦૮** થી નીચે મુજબના મુદા ઘડવામા આવેલ છે.

**–//મુદા//–**

1. *Whether the plaintiff bank proves the suit claim?*
2. *Whether the suit is maintainable as per Law ?*
3. *Whether the Plaintiff is entitled to get relief as prayed for ?*
4. *Whether the Plaintiff is entitled to get interest ? If Yes of which type and what rate ?*
5. *What order and decree ?*

(૬) ઉપરોકત મુદા અંગેના આ અદાલતના નિર્ણય નીચે મુજબ છે.

૧.હકારમા

૨.હકારમાં

૩.અંશત: હકારમાં

૪.અંશત: હકારમાં (વાર્ષિક ૬% ના દરે)

૫.આખરી હુકમ મુજબ

**–:: કારણો ::–**

**મુદ્દા નં.૧ થી ૫ ની સંયુકત ચર્ચા:–**

(૭) મુદા નં ૧ થી ૫ હકીકતની દ્રષ્ટિએ એકબીજાથી સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદ્દાની સંયુકત ચર્ચા કરવામાં આવે છે.

(૮) આ કામે તમામ મુદાઓ એકબીજાની લાગે વળગે છે ત્યા સુધી દાવા અરજી, ઈકરાર અને દાવા અરજીના સમર્થનમા કરેલ **આંક–૦૯** થી રજુ વાદી બેંકના મેનેજરની સહીઓ છે અને બેંકનો સીકકો છે. જેનો પ્રતિવાદીએ હાજર થઈ કોઈ ઈન્કાર કે કોઈ તેની સામેના વાંધા રજુ કરેલ નથી. જેથી તે ન માનવા માટેનુ કોઈ કારણ નથી.

આ કામમા વાદી બેંક તરફે બેંકના જવાબદાર અધિકારી શ્રી **આંક–૦૯** થી પુરાવાને સોંગદનામુ રજુ કરેલ છે જેમા તેઓ જણાવે છે કે, વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ સને–૧૯૫૫ હેઠળ રચાયેલ બેંક છે. વાદી બેંકની ભારતમાં જુદા જુદા શહેરોમાં શાખાઓ આવેલ છે અને તે પૈકી વાદી બેંકની એક શાખા ભારત દેશના ગુજરાત રાજયમાં સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના વાદીપરા, જી.સુરેન્દ્રનગર મુકામે આવેલ છે. વાદી બેંકનો મુખ્ય ધંધો નાણાં ધીરધાર અને બેંકીગને લગતો છે તેની હેડ ઓફીસ મુંબઈ મુકામે, રીઝીયોનલ ઓફીસ સુરેન્દ્રનગર મુકામે તથા તેની શાખા વાદીપરા મુકામે આવેલ છે. આ કામના પ્રતિવાદી વાદી બેંકના ગ્રાહક છે અને વાદી બેંકમાં તેમનો સેવીંગ એકાઉન્ટ નં.૩૩૧૩૭૬૬૯૫૬૩ છે. પ્રતિવાદીનો મોબાઈલ નં.૮૪૯૦૮૬૨૬૬૫ તેમના ખાતા સાથે રજીસ્ટર્ડ થયેલ છે . પ્રતિવાદીએ તેમના મોબાઈલ મારફતે તેમના મોબાઈલ ફોનમા એસ.બી.આઈ. યોનો ડાઉનલોડ કરીને ઈન્ટરનેટ બેન્કીંગની ધોરણસરની સવલત મેળવેલ છે. પ્રતિવાદીએ આ ડીઝીટલ પ્લેટફોર્મ પરથી જનરેટ થયેલ પાસવર્ડનો ઉપયોગ કરીને તા.૧૫/૦૪/૨૩ ના રોજ એપ્લીકેશન મારફતે પ્રિ–એપ્રુવ્ડ પર્સનલ લોન જનરેટ કરીને રકમ રૂા.૫૯,૦૦૦/– (અંકે રૂપિયા ઓગણસાઈઠ હજાર પુરાની લોન ૧૪% ના વ્યાજ દરે ઓનલાઈન પ્રોસેસ કરીને મેળવેલ છે. પ્રતિવાદીએ લીધેલ લોન તેઓએ રકમ રૂા.૨૦૧૭/– ના માસીક એવા કુલ–૩૬ હપ્તાથી વાદી બેંકને પરત ચુકવવાની હતી. પ્રતિવાદીની ઈન્સ્ટ્રકશનથી ઓનલાઈન મંજુર થયેલ લોનનો સી.આઈ.એફ. નં.૮૬૮૧૬૬૮૬૨૯૮ તેમજ તેઓનો લોન એકાઉન્ટ નં.૪૧૮૩૬૭૮૪૫૬૮ છે. બેંક તરફથી

પ્રતિવાદીનું લોન ખાતુ કોમ્પ્યુટર એકાઉન્ટમાં નિભાવવામાં આવે છે. લોનીએ લીધેલ લોનની મંજુર થયેલ રકમ તેઓના ખાતામાં જમા થયેલ છે તેમજ તેઓએ તે રકમનો ઉપયોગ કરેલ છે. પ્રતિવાદીએ સમય મર્યાદામાં બેંકની બાકી રકમ ચુકવી આપેલ ન હોવાથી તેઓનું લોન ખાતુ તા.૧૪/૧૨/૨૩ નાં રોજ એન.પી.એ. થયેલ છે. પ્રતિવાદી ડીફોલ્ટર થયેલ હોવાથી બેંક તરફથી પ્રતિવાદીના લોન ખાતે વ્યાજની રકમ રૂા.૧૮૭૯/- પૈસા તથા દંડનીય વ્યાજની રકમ રૂા.૧૭૨/- પૈસા જમા આપવામાં આવેલ છે પરંતુ ખરેખર પ્રતિવાદીએ આવી રકમ બેંકમાં જમા કરાવેલ નથી. વાદી બેન્ક તરફથી આ કામના પ્રતિવાદીને બાકી લેણી રકમ ભરપાઈ કરી આપવા માટે અવાર-નવાર મૌખિક તેમજ લેખીતમાં જાણ કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીને તા.૧૬/૦૩/૨૫ નાં રોજ બેંકના વકીલશ્રી મારફતે નોટીસ આપેલ છે. સદરહું નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં નોટીસનો કોઈ જ જવાબ આપેલ નથી તેમજ પ્રતિવાદીએ બેન્કની બાકી લેણી રકમ વસુલ આપેલ નથી. વાદી બેન્કની તા.૧૬/૦૪/૨૫ સુધીની મુદ્દલ રકમ રૂા.૫૨,૧૧૧/- પૈસા તથા વ્યાજ, દંડનીય વ્યાજ, અન્ય ચાર્જીસ રકમ રુા.૧૪,૬૭૭/-પૈસા મળી કુલ રકમ રૂા.૬૬,૭૮૮/- પૈસા આ કામના પ્રતિવાદી પાસે બાકી લેણી છે. તેમજ તા.૧૭/૦૪/૨૫ થી ચડત વ્યાજની રકમ પણ બાકી રહે છે. વાદી બેંકની કાયદેસરની બાકી રકમ વસુલ મેળવવા સારુ હાલનો દાવો લાવેલ છે. વાદીનું પ્રતિવાદી પાસે કાયદેસરનું લેણુ છે, પ્રતિવાદી પાસેના બાકી નાંણા તે જાહેર નાંણા છે/પબ્લીક મની છે, પ્રતિવાદી લોનની વ્યાજ સહીતની રકમ સમય મર્યાદામાં પરત ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ છે, ડીફોલ્ટર બનેલ છે જેથી કાયદા અને કરાર તેમજ વાદી બેંકને લાગુ પાડતા રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા વખતો વખતના નિયમો મુજબ તેમજ પ્રતિવાદીની કસુરના કારણે લોન ખાતુ અનિયમીત થયેલ હોવાથી વાદી બેંક પ્રતિવાદી પાસેથી લોનની રકમ ઉપર એગ્રીમેન્ટ મુજબ વાર્ષિક સેંકડે ૧૪% વ્યાજ તથા તેના પર ૨%

દંડનીય વ્યાજ, અન્ય ચાર્જ વસુલ મેળવવા માટે હકકદાર છે તેમજ પ્રતિવાદી આવી તમામ રકમ વસુલ આપવા માટે જવાબદાર છે. વાદીની દાવા અરજીમા વાદી બેંકના અધિકારીની સહી છે જે ઓળખી બતાવે છે. દાવા અરજીમા જણાવ્યા મુજબની વાદીની દાદ છે. વાદીનો દાવો મંજુર કરી દાવા અરજી મુજબની બાકી રકમ માંગેલ દાદ મુજબ આ કામના પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતની વસુલ થઇ શકે તેવુ હુકમનામુ વાદીની તરફેણમા તથા પ્રતિવાદીની વિરૂધ્ધમા કરી આપવા નમ્ર અરજ છે. આ કામ વાદીએ તેઓના સોગંદનામામા પુરાવાના સમર્થનમા **આંક–૧૧ થી ૧૪** સુધીના દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે જે વંચાણે તથા ધ્યાને લીધેલ છે.

વધુમા સદર કેસના રેકર્ડ વંચાણે લેતા આ કામના પ્રતિવાદીને ધોરણસર સમન્સ બજી જવા છતા તેઓ પોતે કે તેઓના વિ.વ.શ્રી દ્વારા દાવા અરજીના વિરૂધ્ધમા કોઇ વાંધા જવાબ રજુ કરેલ નથી. તેમજ વાદીની ઉલટતપાસ દરમ્યાન પણ હાજર રહેલ નથી કે તે સદર્ભે કોઇ પણ પ્રકારની દલીલ તેમજ કોઇ પણ હકક ખોલાવા માટે કોઇ અરજ કરેલ હોય તેવુ પણ જણાય આવતુ નથી. જેથી પ્રતિવાદી વિરૂધ્ધનો દાવો આગળ ચલાવવાનો હુકમ કરવામા આવે છે. આ કામે પ્રતિવાદી હાજર રહેલ ન હોય અને વાદીની દાવા અરજીના અનુસંધાને દસ્તાવેજી કે મૌખિક પુરાવા રજુ કરેલ નથી. તે રીતે આ કામના પ્રતિવાદી જયારે વાદી બેંકને ઉપર મુજબના દસ્તાવેજી પુરાવાઓમા પોતાની સહી/અંગુઠો હોવાનુ અને પ્રતિવાદીને વાદી બેંકે ઉપર મુજબની રકમ આપેલ હોવાનુ તેમજ વાદી બેંકને આજદીન સુધી વ્યાજ સહીત પરત ન કરેલ હોવાની હકીકત જયારે વાદી પોતાની સોગંદનામા રેકર્ડ ઉપર જણાવતા હોય અને તે બાબતે જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરતા હોય જેથી નહી માનવાને કોઇ કારણ જણાતુ નથી. આમ વાદીએ દાવા અરજીની હકીકતોના સમર્થનમા જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરી, દાવા અરજીની હકીકતો પુરવાર કરેલ રેકર્ડ વંચાણે લેતા સ્પષ્ટપણે ફલીત થાય છે. આમ આ કામના વાદી પ્રતીવાદી પાસે

રૂા.૬૬,૭૮૮/- પુરવાર થાય છે.

હવે આ તબકકે વ્યાજ બાબતે વાદી તરફથી કરવામા આવેલ માંગણી સદર્ભે જોઇએ તો વાદી બેંકે પ્રતિવાદી પાસેથી લેણી થતી રકમ રૂા.૬૬,૭૮૮/- ઉપર ૧૬% ના ચડત વ્યાજ દર માંગેલ છે. સદર કામે આંક-૧૧ અને ૧૪ વાળા દસ્તાવેજ વંચાણે લેવામા આવે તો વ્યાજ દર ૧૪% જણાવેલ છે. પરંતુ લોનની ચુકવણી કરવામા જો ચુક થાય તો કેટલા ટકા વધારાનો વ્યાજ દર લાગુ કરવામા આવશે તે જણાવવામા આવેલ નથી. જે અનુસંધાને વાદીએ પોતાની દાવા અરજીમા ૧૬% લેખે વ્યાજની કન્ટીન્યુ ચડત વ્યાજની માંગણી કરેલ છે. હવે વાદીએ જણાવેલ વ્યાજ તથા તેના ડીફોલ્ટ માટે વધારાના વ્યાજ દર સામે કોઇ વાંધો હોય કે ભુલ હોય તો તે રેકર્ડ પર લાવવા માટે પ્રતિવાદી હાજર રહેલ નથી જેથી તે સંજોગોમા વાદીએ કરેલ ૧૬% વ્યાજની માંગણી અનુસંધાને સિવીલ પ્રોસેઝર કોડની કલમ-૩૪ ધ્યાને લેવી જરૂરી જણાય આવે છે.

*34. Interest.— (1) Where and in so far as a decree is for the payment of money, the Court may, in the decree, order interest at such rate as the Court deems reasonable to be paid on the principal sum adjudged, from the date of the suit to the date of the decree, in addition to any interest adjudged on such principal sum for any period prior to the institution of the suit, 2[with further interest at such rate not exceeding six per cent. per annum as the Court deems reasonable on such principal sum], from the date of the decree to the date of payment, or to such earlier date as the Court thinks fit:*

*[Provided that where the liability in relation to the sum so adjudged had arisen out of a commercial transaction, the rate of such further interest may exceed six*

*per cent. per annum, but shall not exceed the contractual rate of interest or where there is no contractual rate, the rate at which moneys are lent or advanced by nationalised banks in relation to commercial transactions.*

*Explanation I.—In this sub-section, "nationalised bank" means a corresponding new bank as defined in the Banking Companies (Acquisition and Transfer of ndertakings) Act, 1970 (5 of 1970).*

*Explanation II.—For the purposes of this section, a transaction is a commercial transaction, if it is connected with the industry, trade or business of the party incurring the liability.]*

*(2) Where such a decree is silent with respect to the payment of further interest 4[on such principal sum] from the date of the decree to the date of payment or other earlier date, the Court shall be deemed to have refused such interest, and a separate suit there for shall not lie.*

આમ ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા ફલીત થાય છે કે, જયારે કરાર દસ્તાવેજમા કોઈ હકીકત વ્યાજની ટકાવારી બાબતમા નકકી કરવામા આવેલ હોય તે સંજોગોમા ઉપરોકત જોગવાઈ મુજબ વાદી ફકત કરારમા જણાવેલ ટકાવારી મુજબનો વ્યાજ દર મેળવવા હકકદાર છે પરંતુ આ કામે ડીફોલ્ટ (કસુર) ના સંજોગોમા દાવા દાખલ કર્યાની તારીખથી કસુરદાર પર કેટલા ટકાની જવાબદારી વ્યાજ તરીકે રહેશે તે બાબતે કોઈપણ હકીકત જણાવવામા આવેલ નથી. જેથી તેવા સંજોગોમા ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા વાદીને ફકત ૬% નો વ્યાજ દર મેળવવા પાત્ર છે તેમ માની શકાય.

(૯) વધુમાં આ તબકકે નામ. સુપ્રિમ કોર્ટનો <u>*"VIDHYADHAR V/*</u>

*<u>S MANIKRAO" "ADIVEKKA & ORS V/S HANAMAVVA KORM VENKATESH AND ORS "</u>* ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમા નામ. સુપ્રિમ કોર્ટે એવી હકીકત પ્રતિપાદીત કરેલ છે કે, *" It is a very well settled principle of law that Where the party has not stepped into the witness box and did not come to deny the averments of the plaint of the plaintiff, the court can draw an adverse inference against him under S. 114 (g) of indian evidence act 1872. it is also well settled by hon'ble supreme court in the case of "Vidhyadahar v/s. Manikrao" reported in air 1999 sc 1441"*

*The hon'ble apex court in the case of "Adivekka & ors v/s Hanamavva korm venkatesh and ors" reported in air 2007 sc 2025 note - A S. 114 of evidence act. "Non examination of party to suit, adverse inference can be drawn against the party" so, as per the above referred judgments of the hon'ble supreme court, an adverse inference can be drawn against the present defendant.*

**(૧૦)** આમ, આ કામે વાદીએ ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈ મુજબ પુરાવો રજુ કરી તેઓની દાવા હકીકત પુરવાર કરેલ હોય અને પ્રતિવાદી પક્ષે કોર્ટ સમક્ષ હાજર થઈ વાદીના દાવા હકીકતને પડકારેલ ન હોય તેવા સંજોગોમાં મે જે ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ વાદીની દાવા અરજીમા જણાવેલ લેણી રકમ **રૂ.૬૬,૭૮૮/–** પૈસા ઉપર દાવો દાખલ કર્યાની **તા.૦૯/૦૫/૨૦૨૫** થી **૬%** વ્યાજદરના હિસાબે લેણી રકમ વસુલ મેળવવા પાત્ર છે. તેમ માની મુદ્દા નં.૩ અને ૪ નો જવાબ અશંત:હકારમાં આપી મુદ્દા નં.૫ નો નીચે મુજબનો આખરી અને છેવટનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧) વાદીનો દાવો **રેગ્યુલર દિવાની મુકદમા નં.૭૧/૨૦૨૫** આથી **"અંશત: મંજુર"** કરવામાં આવે છે.

૨) આથી આ કામના પ્રતિવાદીને એવો આદેશ કરવામા આવે છે કે, પ્રતિવાદીએ વાદી બેંકને **રૂા.૬૬,૭૮૮/– (અંકે રૂપિયા છાસઠ હજાર સાતસો અઠયાસી પુરા)** દાવા તારીખથી રકમ વસુલ થાય ત્યાં સુધી વાર્ષિક **૬%** ના વ્યાજદર લેખે પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વ્યાજ સહીત ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

૩) આથી સ્પષ્ટતા કરવામા આવે છે કે પ્રતિવાદી તેઓના લોન ખાતામા જે જે રકમ જમા આપેલ હોય તો તે રકમ આ ઠરાવ અન્વયે વાદીને મળવાપાત્ર રકમની ગણતરીમાથી યથા પ્રસંગ મુદલ કે વ્યાજ પેટે બાદ (મજરે) મેળવવા પ્રતીવાદી હકદાર ગણાશે.

૪) વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો અને પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

૫) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજરોજ તારીખ : ૦૬, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

તા.૦૬/૦૩/૨૦૨૬
સુરેન્દ્રનગર.

(પાર્થ મહાવીંરસિંહ ઝાલા)
એડી.સિવિલ જજ
સુરેન્દ્રનગર.
જીજે.૦૧૭૪૦

(સ્ટેનો:દર્શન એ. દેસાણી)